# <u>સુરત મહાનગરપાલિકા</u>
## <u>અખબારી યાદી</u>

ભારત સરકાર તથા રાજય સરકાર તરફથી જાહેર કરેલ અનલોક–૧ (UNLOCK-1) ને ધ્યાને રાખી તેમજ ઓરિસ્સા હાઈકોર્ટના તા.૨૮/૦૫/૨૦૨૦ ના નિર્દેશ અન્વયે COVID-19 ના પોઝીટીવ દર્દીઓની પ્રાઈવસીનો ભંગ થતો હોય અને તેમાં કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થવાની સંભાવના ધ્યાને લઈ તા.૦૫/૦૬/૨૦૨૦ થી COVID-19 ના પોઝીટીવ દર્દીઓના નામ, સરનામું વિગેરે જાહેર કરવામાં આવશે નહિં. નવા વિસ્તારોમાં વખતો વખત મળી આવતા કેસોને ધ્યાને રાખી Micro-Zoning, Active Screening and Surveillance અને અન્ય નિવારાત્મક પગલા સહિતની કામગીરી હાલ જે રીતે કરવામાં આવે છે તે જ રીતે ચાલુ રહેશે. જેની સંબંધિત તમામે નોંધ લેવી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.........
તા.૦૫/૦૬/૨૦૨૦

# પ્રેસનોટ

# ગાર્ડન ખાતુ

# સુરત મહાનગરપાલિકા

## ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી.

૫ જુન "વિશ્વ પર્યાવરણ દિન" ની ઉજવણી અંતર્ગત વેસ્ટ ઝોન વિસ્તારમાં ઈ.એસ.આર. (Elevated Service Reservoir) –૬ પાણીની ટાંકી પ્લોટ, ડી–માર્ટ પાછળ, જહાંગીરાબાદ (દાંડી રોડ) – ઉગત કેનાલ રોડ, જહાંગીરાબાદ, સુરતમાં વૃક્ષારોપણનું આયોજન સુ.મ.પા.ના પદાધિકારીશ્રીઓના વરદ્ હસ્તે કરવામાં આવેલ. જેમાં મા.મેયર શ્રી જગદીશભાઈ પટેલના પ્રમુખ સ્થાને, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલ દિપચંદ ગોપલાણી, ગૃહનિમાર્ણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષા શ્રીમતી સુચિત્રાબેન પટેલ તથા હાજર રહી કોવિડ–૧૯ વૈશ્વિક મહામારીના સમયમાં સોશીયલ ડીસટન્સ જાળવી વૃક્ષારોપણમાં ભાગ લઈ પ્લોટમાં પ્લાન્ટેશન કરેલ અને તુલસીના રોપાનું કુંડામાં વિસ્તારના હાજર નગરજનોને વિનામૂલ્યે વિતરણ કરેલ હતુ. તેમજ સુ.મ.પા. ના તમામ ઝોનમાં વિવિધ પ્રકારના ૭૦૦૫ નંગ છાયા વૃક્ષોના રોપા જેવા કે, ચંપા, પીપળા, લીમડા, બીગ્નોનીયા, આસોપાલવ, વડ, સપ્તપર્ણી, બોરસલ્લી, વિગેરે રોપા પ્લાન્ટેશન અને તમામ ઝોનમાં સુરત મહાનગરપાલિકાની નર્સરી ખાતેથી નગરજનોને વિતરણ કરી જનભાગીદારીથી ૧૭૬૭ નંગ રોપાઓનું પ્લાન્ટેશન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી નિમિત્તે કરવામાં આવેલ હતું. ખાનગી સ્થળોએ વૃક્ષારોપણ કરવા માટે સુ.મ.પા. ની વેબસાઈટ અને મોબાઈલ એપ પર નોંધણીનો પ્રારંભ કરવામાં આવેલ છે. જેનો નગરજનો મોટી સંખ્યામાં ભાગ લઈ ગ્રીન સુરત કેમ્પેઈનમાં જોડાવા જણાવવામાં આવે છે.

**જનસંપર્ક વિભાગ**

**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**

**સમાચાર યાદી નં.૧૭૭**

**તા.૦૫/૦૬/૨૦૨૦**

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

વૈશ્વિક મહામારી કોરોના વાયરસ (COVID-19)ના સંક્રમણને અટકાવવા માટે સુરત મહાનગરપાલિકા દ્વારા તકેદારીના ભાગરૂપે વિવિધ પગલાંઓ લેવામાં આવે છે. હાલની પરિસ્થિતિએ પોઝીટીવ કેસોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયેલ છે. જેમાં સુપર સ્પ્રેડરો મહત્વનો ભાગ ભજવી રહયા હોવાનું સામે આવેલ છે. આજ રોજ લિંબાયત ઝોન વિસ્તારમાં કુલ ૧૮ કોરોના પોઝીટીવ કેસો નોંધાયેલ છે. લિંબાયત ઝોન વિસ્તારમાં ૬ સુપર સ્પ્રેડર સામે આવેલ છે. જેમાં (૧) કરિયાણાની દુકાન/ડેરીનો માલિક, (૨) સુથારી કામ કરતો સુથાર, (૩) APMCમાં સ્ટોલ ધરાવનાર, (૪) ટ્રાવેલ્સ ઓફિસના બુકિંગ કલાર્ક, (૫) ટેક્ષટાઈલ માર્કેટના વોચમેન અને (૬) અનાજ દળવાની ઘંટીમાં કામ કરનાર મળી કુલ ૬ સુપર સ્પ્રેડરો લિંબાયત ઝોન વિસ્તારમાંથી સામે આવેલ છે. આમ કરિયાણા, ડેરી, શાકભાજી વિક્રેતા, છૂટક કામ કરતા કારીગર વર્ગ વગેરે સુપર સ્પ્રેડર બની રહયા છે. તેથી જાહેર જનતાએ સાવચેતી રાખી તમામ જગ્યાઓ ઉપર સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવું, માસ્ક પહેરવુ તેમજ સેનિટાઈઝરનો ઉપયોગ ચુસ્તપણે કરવાનો રહેશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં...૧૩૮
તા.૦૫/૦૬/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ (COVID-19)

વૈશ્વિક મહામારી નોવેલ કોરોના વાયરસ ના કારણે સમગ્ર દેશમાં કેન્દ્ર સરકાર દ્વારા અનલોક ૧ ની જાહેરાત સંદર્ભે માં ૮ જૂન થી નીચે મુજબની માર્ગદર્શિકા મુજબ હોટેલ્સ શરૂ કરવા ની મંજૂરી આપવામાં આવેલ છે

1. તમામ કન્ટેન્ટમેન્ટ / ક્લસ્ટર વિસ્તારમાં હોટેલ્સ બંધ રહેશે. ફક્ત કન્ટેન્ટમેન્ટ / ક્લસ્ટર વિસ્તારની બહાર ખોલવાની મંજૂરી આપવામાં આવશે.
2. ૬૦-૬૫ વર્ષ થી વધુ વયના વ્યક્તિઓ,કોમોરબીડીટીઝ વ્યક્તિઓ, ગર્ભવતી મહિલાઓ, ૧૦ વર્ષથી નીચેના બાળકોને ઘરે રહેવા સલાહ આપવામાં આવે છે. હોટેલસમાં પણ તે અંગે જરૂરી સલાહ આપવાની રહેશે.
3. COVID-19 અંતર્ગત કેટલાક જરૂરી સૂચનો દરેક સ્ટાફ તેમજ પાલન કરાવાના રહેશે.
    - બે વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછુ ૬ ફૂટ નું અંતર રાખવાનું રહેશે.
    - ફરજીયાત માસ્ક / ફેસ કવર નો ઉપયોગ કરવો.
    - ૪૦ થી ૬૦ સેકેન્ડ સુધી હાથ ધોવા. આલ્કોહોલ બેઇઝ સેનેટાઈઝર નો ઉપયોગ કરવો.
    - ખાંસી કે છીંક ખાતી વખતે મોઢા ઉપર રૂમાલ કે ટીસ્યુ રાખવું તેમજ તરત જ તેને ડીસ્પોઝ કરવું.
    - પોતાની આરોગ્ય ચકાસવું તેમજ માંદગી જણાય નજીકના હેલ્પલાઇન નંબર પર કોલ કરવો / આરોગ્ય સેન્ટર વિગેરેનો સંપર્ક કરવો.
    - જાહેરમાં થુકવું નહિ.
    - દરેક ગ્રાહક / સ્ટાફ પાસે આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાનો આગ્રહ રાખવો.
4. હોટેલ્સએ નીચે મુજબનું આયોજન કરવાનું રહેશે.
    - એન્ટ્રન્સ પર સેનેટાઈઝર અને થર્મલ સ્કેનર ફરજીયાત મુકવા અને હાઇજીન મેન્ટેન કરવું.
    - ફક્ત સિમટમ્સ નહિ ધરાવતા મુલાકાતીઓ અને ગ્રાહકોને જ પરવાનગી આપવી.
    - તમામ મુલાકાતીઓ અને ગ્રાહકોને હોટેલ્સની અંદર ફરજીયાત માસ્ક પહેરવાનું રહેશે.
    - પોસ્ટર્સ/ સ્ટેન્ડીઝ /ઓડિયો-વિઝીયલ માધ્યમ થી COVID-19 ની સલામતી અંગે ના ઉપયો દર્શાવાના રહેશે.
    - હોટેલ્સ મેનેજમેન્ટ માટે તેમજ સોસીયલ – ડિસ્ટનસિંગ પાલન માટે જરૂરી માણસો રાખવા.
    - સોશ્યલ – ડિસ્ટનસિંગ ફરિજયાત પાલન કરવાનું રહેશે.
    - મોટી ઉંમરના કર્મચારી, ગર્ભવતી મહિલાઓ તેમજ મેડીકલ કંડીશનમાં હોય તેવા મુલાકાતીઓ અને ગ્રાહકોને પબ્લિકના સીધા સંપર્કમાં આવવા દેવા નહી.
    - પબ્લિક પાર્કિંગ પ્લેસ અને વધુ વ્યક્તિઓ ભેગા થતા હોય ત્યાં સોશ્યલ-ડિસ્ટનસિંગ નું ફરિજયાત પાલન કરવું.

- જો પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ હોય તેવા કિસ્સા માં ઓપરેટીંગ સ્ટાફે ફરિજયાત માસ્ક પહેરવું. ગાડીઓના ડોર હેન્ડલ, ચાવીઓને ડીસ ઈનફેક્ટ કરવું.
- દુકાનો, સ્ટોલ્સ તેમજ કેફેતેરીયાની અંદર અને બહાર સોશિયલ ડીસ્તેન્સીનગનું ફરજીયાત પાલન કરાવવાનું રહેશે.
- લાઈનમાં ઉભી રહેતી વખતે બે વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછુ ૬ ફૂટ નું અંતર રાખવા વ્યવસ્થા કરવાની રહેશે.
- હોટલમાં આવેલ ગેસ્ટની ટ્રાવેલ હિસ્ટ્રી મેડીકલ કંડીશન તેમજ આઈડી કાર્ડ અને સેલ્ફ ડિક્લેરેશન કરાવાનું રહેશે અને માહિતી રાખવાની રહેશે.
- સ્ટાફ, મુલાકાતીઓ, ગ્રાહકો અને ગુડસ સપ્લાય માટે અલગ-અલગ એન્ટ્રી-એક્ઝીટ ની વ્યવસ્થા હોવી જોઈએ.
- માલસામાનની હેરફેર વખતે કાળજી રાખી, વારંવાર ડીસઈનફેક્ટ કરાવવાનું રહેશે.
- હોટલના રીસેપ્શન પર હેન્ડ સેનેટાઈઝર રાખવાનું રહેશે તેમજ રજીસ્ટરમાં એન્ટ્રી ફોર્મ ભરતા પહેલા અને પછી હાથ સેનેટાઇઝ કરવાના રહેશે.
- હોટલ દ્વારા ડીજીટલ માધ્યમ થી પેમેન્ટ જેવા કે ક્યુઆર કોડ, ઈ-વોલેટ, તેમજ ઓનલાઈન ફોર્મ ને પ્રાધન્ય આપવાનું રહેશે.
- લગેજ (સામાન) રૂમ માં લઇ જતા પહેલા ડીસ ઈનફેક્ટ કરવાનું રહેશે.
- ગેસ્ટને કન્ટેન્ટમેન્ટ / કલસ્ટર વિસ્તારમાં ન જવાની સલાહ આપવાની રહેશે.
- રેસ્ટોરન્ટ માટે ઇસ્યુ કરેલ ડીટેલ્સ ગાઈડલાઇન્સ ફોલો કરવાની રહેશે.
    1. ડિસ્પોઝેબલ મેનુ નો ઉપયોગ કરવો વધુ હિતાવહ છે.
    2. કાપડના નેપકીન ને બદલે ડીઝપોઝેબલ નેપકીન વાપરવા વધુ હિતાવહ છે.
    3. બુફે સર્વિસમાં સોશ્યલ – ડિસ્ટનસિંગ ફરિજયાત પાલન કરવાનું રહેશે.
    4. ડીઝીટલ માધ્યમ થી ચુકવણી કરવાનો આગ્રહ રાખવો.
    5. સીટીંગ એરેન્જમેન્ટ કરતી વખતે સોશ્યલ-ડિસ્ટનસિંગ પાલન અવશ્ય કરવાનું રહેશે.
- લીફ્ટમાં માણસની સખ્યા મર્યાદિત રાખવા વ્યવસ્થા કરવી.
- ડાઇન-ઇન ને બદલે રૂમ સર્વિસ ટેક અવે ને પ્રાધન્ય આપવાનું રહેશે. ડીલીવરી કરનાર વ્યક્તિ ફૂડ પેકેટ આપવાને બદલે દરવાજા પાસે છોડવું હિતાવહ છે.
- રૂમ સર્વિસ માટે ગેસ્ટ દ્વારા સીધા સંપર્ક ને બદલે ઇન્ટર કોમ કે મોબાઈલ દ્વારા વાત કરવાની રહેશે.
- એસ્કેલેટર પર એક વ્યક્તિ છોડી ને ઉભા રહે તે મુજબની વ્યવસ્થા રાખવી.
- એરકંડીશન નું ટેમ્પરેચર ૨૪થી ૩૦ સેલ્શીયસ રાખવું.
- મોટા મેળાવડા / વધુ લોકોને ભેગા થવું પ્રતિબંધિત છે.

- હોટેલ્સના બાથરૂમ, વોશિંગ સ્ટેશન અને પાણી પીવાની જગ્યાને વારંવાર સેનેટાઈઝ કરાવવાના રહેશે.
- ફેસકવર માસ્ક અને ગ્લોઝ પહેર્યાની ચકાસણી માલિકને કરવાની રહેશે.
- બાથરૂમની સફાઈ સમયાંતરે કરાવવી.
- હોટલ્સની સર્ફેસને તેમજ ડોર, હેન્ડલ, બેન્ચીસ, બાથરૂમ વિગેરેને (૧% સોડીયમ હાઈપોક્લોરીડના મિશ્રણથી) ડીસઈન્ફેટ કરાવવું
- જો કોઈ શકાસ્પદ કે કન્ફોર્મ કેસ આવે તો......
  - એ વ્યક્તિને અન્ય એક રૂમ માં આઈસોલેટ કરવી.
  - ડોક્ટર તપાસ કરે ત્યાં સુધી ફેસ પર ફીરજીયાત માસ્ક પહેરી રાખવું.
  - નજીકના કલીનક કે હોસ્પિટલમાં તરત જ જાણ કરવી કે ડીસટ્રીક હેલ્પ લાઈન ને જણાવવું.
  - પબ્લિક હેલ્થ ઓથોરીટીએ જરૂરી કાર્યવાહી કરવી અને કોન્ટેક્ટ ટ્રેસીંગ ની કામગીરી કરવી.
  - જો પોઝેટીવ કેસ મળે તો તરત જ પ્રીમાસીસ ને ડીસઇન્ફેકટ કરાવવું.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી**
**સાદર સમાચાર યાદી નં.૧૭૯**
**તા.૦૫/૦૬/૨૦૨૦**

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

વૈશ્વિક મહામારી નોવેલ કોરોના વાયરસ ના કારણે સમગ્ર દેશમાં કેન્દ્ર સરકાર દ્વારા અનલોક ૧ ની જાહેરાત સંદર્ભે માં ૮ જૂન થી નીચે મુજબની માર્ગદર્શિકા મુજબ રેસ્ટોરેન્ટ શરૂ કરવા ની મંજુરી આપવામાં આવેલ છે

1. તમામ કન્ટેન્ટમેન્ટ / ક્લસ્ટરમાં રેસ્ટોરન્ટ બંધ રહેશે. ફક્ત કન્ટેન્ટમેન્ટ / ક્લસ્ટરની બહાર ખોલવાની મંજૂરી આપવામાં આવશે.
2. ૬૦- ૬૫ વર્ષ થી વધુ વયના વ્યક્તિઓ, કોમોરબીડીટીઝ વ્યક્તિઓ, ગર્ભવતી મહિલાઓ, ૧૦ વર્ષ થી નીચેના બાળકોને ઘરે રહેવા સલાહ આપવામાં આવે છે. રેસ્ટોરેન્ટ પણતે અંગે જરૂરી સલાહ સૂચનો આપવા વ્યવસ્થા કરવાની રહેશે.
3. **COVID-19** અંતર્ગત કેટલાક જરૂરી સૂચનો દરેક સ્ટાફ તેમજ પાલન કરાવાના રહેશે
    - બે વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછુ ૬ ફૂટ નું અંતર રાખવાનું રહેશે
    - ફરજીયાત માસ્ક/ ફેસ કવર નો ઉપયોગ કરવો.
    - ૪૦ થી ૬૦ સ્કેન્ડ સુધી હાથ ધોવા. આલ્કોહોલ બેઇઝ સેનેટાઈઝર નો ઊપયોગ કરવો.
    - ખાસી કે છીક ખાતી વખતે મોઢા ઉપર રૂમાલ કે ટીસ્યુ રાખવું તેમજ તરતજ તેને ડીઝપોઝ કરવું.
    - પોતાની આરોગ્ય ચકાસવું તેમજ માંદગી જણાય તો હેલ્પલાઇન નંબર પર કોલ કરવો / હેલ્થ સેન્ટર વિગેરેનો સંપર્ક કરવો.
    - જાહેરમાં થુકવું નહિ.
    - દરેક ગ્રાહક / સ્ટાફ પાસે આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરાવવી.

4. રેસ્ટોરેન્ટે નીચે મુજબનું આયોજન કરવાનું રહેશે.
    - ડાઈન-ઇન ને બદલે ટેક અવે(પાર્સલ) સુવિધાને મહ્ત્વ આપવાનું રહેશે. ડીલીવરી બોયએ ગ્રાહકને સીધા પેકેટ આપવાને બદલે દરવાજા પર મુકવાનું હિતાવહ રહેશે.
    - હોમ ડીલીવરીના દરેક સ્ટાફને થર્મલ સ્કેનરથી સ્કેન કરવાના રહેશે
    - એન્ટ્રન્સ પર સેનેટાઈઝર અને થર્મલ સ્કેનર ફરજીયાત મુકવાના રહેશે.
    - ફક્ત સિમ્પટમ્સ નહિ ધરાવતા કર્મચારીઓ/ માલિકો ને પરવાનગી આપવી.
    - તમામ કર્મચારી/માલિકોએ હોટલની અંદર ફરજીયાત માસ્ક પહેરવાનું રેહશે.
    - પોસ્ટર્સ/સ્ટેન્ડીઝ/ઓડિયો-વિઝીયલ માધ્યમથી **COVID-19**ની સલામતી અંગેના ઉપાયો દર્શાવવાના રહેશે
    - સોશ્યલ – ડિસ્ટનસિંગ ફરિજયાત પાલન કરાવવાનું રહેશે.
    - મોટી ઉમરના કર્મચારી, ગર્ભવતી મહિલાઓ તેમજ મેડીકલ કંડીશનમાં હોય તેવા કર્મચારીને પબ્લિક સીધા સંપર્કમાં ન આવવા દેવા, શક્ય હોય વર્ક ફ્રોમ હોમ કલ્ચર આપનાવું.

- પબ્લિક પાર્કીંગ પ્લેસ અને વધુ વ્યક્તિઓ ભેગા થતા હોય, ત્યા સોશ્યલ – ડિસ્ટનસિંગનું ફરિજયાત પાલન કરવું.
- જો પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ હોય તેવા કિસ્સામાં ઓપરેટીંગ સ્ટાફે ફરિજયાત માસ્ક પહેરવું.ગાડીઓના ડોર હેન્ડલ ચાવીઓને ડીસ ઈનફેક્ટ કરવું.
- લાઈનમાં ઉભી રહેતી વખતે બે વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછુ ૬ ફૂટનું અંતર રાખવાનું રહેશે.
- સ્ટાફ અને ગૂડસ સપ્લાય માટે અલગ-અલગ એન્ટ્રી-એક્ઝીટની વ્યવસ્થા કરવી.
- માલસામાનની હેરફેર વખતે કાળજી રાખવી અને વારંવાર ડીસઈનફેક્ટ કરવું.
- રેસ્ટોરેન્ટમાં સીટીગ કેપેસિટીના ૫૦% જ બેસાડી શકાશે અને જેમાં સોશ્યલ-ડિસ્ટનસિંગ ફરિજયાત પાલન કરવાનું રહેશે.
- ડિસ્પોઝેબલ મેનુ નો ઉપયોગ કરવો વધુ હિતાવહ છે.
- કાપડના નેપકીન ને બદલે ડીઝપોઝેબલ નેપકીન વાપરવા વધુ હિતાવહ રહેશે.
- બુફે સર્વિસમાં સોશ્યલ – ડિસ્ટનસિંગ ફરિજયાત પાલન કરવાનું રહેશે.
- લીફ્ટમાં માણસની સંખ્યા મર્યાદિત રાખવા આયોજન કરવું.
- એસ્કેલેટર પર એક વ્યક્તિ છોડીને ઉભા રહે તે મુજબની વ્યવસ્થા કરવી.
- એરકંડીશનનું ટેમ્પરેચર ૨૪ થી ૩૦ સેલ્શીયસ રાખવું.
- મોટા મેળાવડા / વધુ લોકોને ભેગા થવું પ્રતિબંધિત છે.
- રેસ્ટોરેન્ટના બાથરૂમ, વોશિંગ સ્ટેશન અને પાણી પીવાની જગ્યાને વારંવાર સેનેટાઈઝ કરાવવી.
- ફેસ કવર / માસ્ક અને ગ્લોવઝની ચકાસણી માલિકે કરવાની રહેશે.
- બાથરૂમની સફાઈ સમયાંતરે કરાવવાની રહેશે.
- ડીઝીટલ માધ્યમ ધ્વારા ચુકવણીનો આગ્રહ રાખવો.
- દરેક કસ્ટમર ગયા પછી ટેબલને સેનેટાઈઝ કરાવવું .
- રસોડામાં પણ સોશ્યલ – ડિસ્ટનસિંગ ધ્યાન રહે અને ફેસ માસ્ક અવશ્ય પહેરવા.
- ગેમિંગ આર્કેડ તેમજ બાળકોને રમવાની જગ્યા પર પ્રતિબંધ રહેશે.

5 જો કોઈ સંકાસ્પદ કે કન્ફોર્મ કેસ આવે તો......

1. એ વ્યક્તિને અન્ય એક રૂમ માં આઈસોલેટ કરવી.
2. ડોક્ટર તપાસ કરે ત્યાં સુધી ફેસ પર ફીરજીયાત માસ્ક પહેરી રાખવું.
3. નજીકના કલીનક કે હોસ્પિટલમાં તરતજ જાણ કરવી કે ડીસટ્રીક હેલ્પ લાઈન ને જણાવવું.
4. પબ્લિક હેલ્થ ઓથોરીટીએ જરૂરી કાર્યવાહી કરવી અને કોન્ટેક્ટ ટ્રેસીંગ ની કામગીરી કરવી.
5. જો પોઝેટીવ કેસ મળે તો તરત જ પ્રીમાસીસ ને ડીસઇન્ફેકટ કરવું.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી**
**સાદર સમાચાર યાદી નં.૧૮૦**
**તા.૦૫/૦૬/૨૦૨૦**

# સુરત મહાનગરપાલિકા
## પ્રેસનોટ (COVID-19)

વૈશ્વિક મહામારી નોવેલ કોરોના વાયરસ ના કારણે સમગ્ર દેશમાં કેન્દ્ર સરકાર દ્વારા અનલોક ૧ ની જાહેરાત સંદર્ભે માં ૮ જૂન થી નીચે મુજબની માર્ગદર્શિકા મુજબ શોપીગ મોલ શરૂ કરવા ની મંજુરી આપવામાં આવેલ છે

1. તમામ કન્ટેન્ટમેન્ટ / કલસ્ટર વિસ્તારના શોપિંગ મોલ બંધ રહેશે. ફક્ત કન્ટેન્ટમેન્ટ ઝોનની બહાર ખોલવાની મંજૂરી આપવામાં આવશે.
2. ૬૦-૬૫ વર્ષથી વધુ વયના વ્યક્તિઓ, કોમોરબીડીટીઝ વ્યક્તિઓ, ગર્ભવતી મહિલાઓ, ૧૦ વર્ષ થી નીચેના બાળકોને ઘરે રહેવા સલાહ આપવામાં આવે છે. શોપિંગ મોલ તરફથી પણ તે અંગે જરૂરી સલાહ આપવાની રહેશે.
3. COVID-19 અંતર્ગત કેટલાક જરૂરી સૂચનો દરેક સ્ટાફ તેમજ પાલન કરાવાના રહેશે.
   - બે વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછુ ૬ ફૂટ નું અંતર રાખવાનું રહેશે.
   - ફરજીયાત માસ્ક / ફેસ કવર નો ઉપયોગ કરવો.
   - ૪૦ થી ૬૦ સેકન્ડ સુધી હાથ ધોવા. આલ્કોહોલ બેઇઝ સેનેટાઈઝરનો ઊપયોગ કરવો.
   - ખાંસી કે છીંક ખાતી વખતે મોઢા ઉપર રૂમાલ કે ટીસ્યુ રાખવું તેમજ તરત જ તેને ડીઝપોઝ કરવું.
   - પોતાની આરોગ્ય ચકાસવું તેમજ માંદગી જણાય તો હેલ્પલાઇન નંબર પર કોલ કરવો / નજીકના હેલ્થ સેન્ટર વિગેરેનો સંપર્ક કરવો.
   - જાહેરમાં થુકવું નહિ.
   - દરેક ગ્રાહક / સ્ટાફ પાસે આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરવાનો આગ્રહ રાખવો.
4. શોપિંગ મોલમાં નીચે મુજબનું આયોજન કરવાનું રહેશે.
   - એન્ટ્રન્સ પર સેનેટાઈઝર અને થર્મલ સ્કેનર ફરજીયાત મુકવા અને હાઇજીન મેન્ટેન કરવું.
   - ફક્ત સિમટમ્સ નહિ ધરાવતા મુલાકાતીઓ અને ગ્રાહકોને પરવાનગી આપવામાં આવશે.
   - તમામ મુલાકાતીઓ અને ગ્રાહકોને શોપિંગ મોલની અંદર ફરજીયાત માસ્ક પહેરવાનું રહેશે.
   - પોસ્ટર્સ / સ્ટેન્ડીઝ / ઓડિયો-વિઝીયલ માધ્યમ થી **COVID-19** ની સલામતી અંગે ના ઊપયો દર્શાવાના રહેશે.
   - મોલમાં મેનેજમેન્ટ માટે તેમજ સોશ્યલ–ડિસ્ટનસિંગ પાલન માટે જરૂરી માણસ રાખવા.
   - સોશ્યલ – ડિસ્ટનસિંગ ફરિજયાત પાલન કરવાનું રહેશે.
   - મોટી ઉંમરના કર્મચારી, ગર્ભવતી મહિલાઓ તેમજ મેડીકલ કંડીશનમાં હોય તેવા મુલાકાતીઓ અને ગ્રાહકોને પબ્લિક સીધા સંપર્કમાં આવવા દેવા નહી.
   - પબ્લિક પાર્કિંગ પ્લેસ અને વધુ વ્યક્તિઓ ભેગા થતા હોય ત્યા સોશ્યલ-ડિસ્ટનસિંગનું ફરિજયાત પાલન કરાવવા આયોજન કરવાનું રહેશે.

- જો પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ હોય તેવા કિસ્સામાં ઓપરેટીંગ સ્ટાફે ફરિજયાત માસ્ક પહેરવું. ગાડીઓના ડોર હેન્ડલ, ચાવીઓને ડીસ ઈનફેક્ટ કરવાનું રહેશે.
- દુકાનો, સ્ટોલ્સ તેમજ કેફેટેરિયાની અંદર અને બહાર સોશ્યલ – ડિસ્ટનસિંગ ફરિજયાત પાલન કરવાનું રહેશે.
- લાઈનમાં ઉભી રહેતી વખતે બે વ્યક્તિઓ વચ્ચે ઓછામાં ઓછુ ૬ ફૂટ નું અંતર રાખવાનું રહેશે.
- સ્ટાફ, મુલાકાતીઓ, ગ્રાહકો અને ગૂડસ સપ્લાય માટે અલગ-અલગ એન્ટ્રી-એક્ઝીટની વ્યવસ્થા કરવાની રહેશે.
- માલસમાનની હેરફેર વખતે કાળજી રાખી, વારંવાર ડીસઈનફેક્ટ કરવાનું રહેશે.
- શોપિંગ મોલમાં દુકાનમાં ઓછામાં ઓછા દાખલ થાય તેની તકેદારી રાખવી. સોશ્યલ – ડિસ્ટનસિંગ ફરિજયાત પાલન કરાવવાનું રહેશે.
- કાપડના નેપકીનને બદલે ડીઝપોઝેબલ નેપકીન વાપરવા વધુ હિતાવહ છે.
- લીફ્ટમાં માણસની સંખ્યા મર્યાદિત રાખવા આયોજન કરવાનું રહેશે.
- એસ્કેલેટર પર એક વ્યક્તિ છોડી ને ઉભા રહેશે.
- એરકંડીશનનું ટેમ્પરેચર ૨૪ થી ૩૦ સેલ્શીયસ રાખવું.
- મોટા મેળાવડા / વધુ લોકોને ભેગા થવું પ્રતિબંધિત છે.
- શોપિંગ મોલના બાથરૂમ, વોશિંગ સ્ટેશન અને પાણી પીવાની જગ્યાને વારંવાર સેનેટાઈઝ કરાવવાનું રહેશે.
- જાહેરમાં બર્થડેની ઉજવણી પર પ્રતિબંધ છે.
- ફેસ કવર માસ્ક અને ગોલ્ઝ પહેર્યાની ચકાસણી જે તે માલિકે કરાવવાની રહેશે.
- બાથરૂમની સફાઈ સમયાંતરે કરાવવાની રહેશે.
- ફૂડકોર્ટમાં.....
    1. સોશ્યલ – ડિસ્ટનસિંગ ફરિજયાત પાલન કરવાનું રહેશે તેમજ પૂરતા પ્રમાણમાં માણસને પ્રવેશ આપવો.
    2. ફૂડકોર્ટ અને રેસ્ટોરન્ટમાં ૫૦% વધુ કેપેસિટીમાં વ્યક્તિઓ આવવા દેવા નહિ.
    3. ફૂડકોર્ટ ના સ્ટાફ અને વેટરએ માસ્ક અને ગોલ્ઝ ફરજીયાત પહેરવા.
    4. ડીઝીટલ માધ્યમ થી ચુકવણી કરવાનો આગ્રહ રાખવો.
    5. દરેક કસ્ટમર પછી ટેબલને સેનેટાઈઝ કરવું.
    6. રસોડામાં પણ સોશ્યલ – ડિસ્ટનસિંગ ધ્યાન રહે અને ફેસ માસ્ક અવશ્ય પહેરવા.

- ગેમિંગ આર્કેડ તેમજ બાળકોને રમવાની જગ્યા માટે પ્રતિબંધ રહેશે.
- મોલમાં સિનેમા હોલ સંપૂર્ણપણે બંધ રાખવાના રહેશે.
- જો કોઈ શંકાસ્પદ કે કન્ફોર્મ કેસ આવે તો......
    1. એ વ્યક્તિને અન્ય એક રૂમ માં આઈસોલેટ કરવી.
    2. ડોક્ટર તપાસ કરે ત્યાં સુધી ફેસ પર ફીરજીયાત માસ્ક પહેરી રાખવું.
    3. નજીકના કલીનીક કે હોસ્પિટલમાં તરત જ જાણ કરવી કે ડીસટરીક હેલ્પ લાઈન ને જણાવવું.
    4. પબ્લિક હેલ્થ ઓથોરીટીએ જરૂરી કાર્યવાહી કરવી અને કોન્ટેક્ટ ટ્રેસીંગની કામગીરી કરવી.
    5. જો પોઝેટીવ કેસ મળે તો તરતજ પ્રીમાસીસને ડીઝઇન્ફેટ રાખવું.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી**
**સાદર સમાચાર યાદી નં.૧૮૧**
**તા.૦૫/૦૬/૨૦૨૦**

## —:: પ્રેસનોટ ::—

- **આગ બુઝાવવાની કામગીરી ::—**

> ➢ આજરોજ તા.૦૬/૦૬/૨૦ ના રોજ બપોરે ૧૨:૧૨ કલાકે વેડ રોડ , પંડોળ , ક્રિષ્ણા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતા નં ૩૭ ખાતે એમ્બ્રોઈડરી ના મશીનમાં કોઈકારણોસર આગનો બનાવ બનેલ જેની જાણ ફાયર બ્રિગેડ માં કરાતા કતારગામ અને મુગલીસરા ફાયર સ્ટેશન ના અધિકારી ક્રુ સહિત રવાના થયેલ અને ગણતરીની મીનટોમાં જ આગ પર કાબુ મેળવેલ.

**ા.૦૬/૦૬/૨૦ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ અને વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સમગ્ર સુરત શહેરમાં વિવિધ વિસ્તારમાં ડિસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ અને હાલમાં કામગીરી ચાલું છે.**

**મા.મ્યુ.કમિશનરશ્રીનાં મળેલ આદેશ અન્વયે હાલમાં સુરત શહેરમાં નોવેલ કોરોનાં વાયરસ (COVID-19) નાં કેસ સામે આવેલ હોય જેથી આવા સક્રમિત વ્યીકતઓ ધ્વારા અન્ય વ્યકિતઓમાં ચેપ ન ફેલાયતે અટકાવવા ફાયર વિભાગ તેમજ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા નીચે મુજબનાં ઝોન વિસ્તારમાં ડીસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ.**

- **અઠવાઝોન**

૧) આભવા ગામ ૨) ભાગ્ય લક્ષ્મી સોસાયટી ૩) મારૂતી ફલેટ ૪) મિશન હોસ્પિટલ ૫) વેસું હેલ્થ સેન્ટર ૬) ડુમસ હેલ્થ સેન્ટર ૭) નવી સિવિલ હોસ્પિટલઅને કોવિડ ૧૯ આઈસોલેશન વોડ ૧૧) સમરસ હોસ્ટેલ

- **સેન્ટ્રલ ઝોન**

૧) લાલવાડી સલાબતપુરા ૨) બોમ્બે કોલોની ,રૂદરપુરા ૩) નવાપરા , ભાગળ ૪) રૂધનાથપુરા ૫) નવા સાહેબનો ટેકરો ૬) ગજજર શેરી ૭) કૈલાસનગર , ગીરધર એપાર્ટમેન્ટ ૮) ગલેમંડી ૯) સલાબતપુરા મોમોનવાડ ૧૦) લીલા વાડી ૧૧) સલાબતપુરા પોલીસ સ્ટેશન

- **રાંદેરઝોન**

૧) હાથી ફળિયું,પારસ નગર સોસાયટી ૨) દિવ્યપ્રભા સોસાયટી,તાડવાડી ૩) રાધા નગર સોસાયટી, અજરામર ચોક ૪) ઉપવન રો હાઉસ, ગંગેશ્વર રોડ ૫) સૂર્યા ફલેટસ, આનંહ મહલ રોડ ૬) ઈડબ્લ્યુએસ આવાસ, અડાજણ ૭) ઈડબ્લ્યુએસ આવાસ, પાલનપુર કેનાલ રોડ ૮) યુનિર્વસ રેસીડેન્સી, પાલ ૯) મિલેનીયમ રેસીડેન્સી ૧૦) અક્ષરધામ સોસાયટી ૧૧) શિવ આશિષ સંકુલ ૧૨) કેપીટલ સ્ટેટસ ૧૩) ૯૬ કોલોની,વરીયાવ ૧૪) વ્હાઈટ સ્ટોન ૧૫) શૃંગલ હોમ્સ ૧૬) ઈડબ્લ્યુએસ આવાસ, જહાંગીપુરા ૧૭)સૌરભ સોસાયટી, પાલ ૧૮) સંધ્યા વદન સોસાયટીપપાલનપુર જકાતનાકા ૧૯) ભકિત વીંાત સોસાયટી,૨૦) પ્રભુનગર સોસાયટી અડાજણ ૨૧) એસએમસી ટેનામેન્ટ , જહાંગીરપુરા

- **કતારગામ ઝોન**

૧) લક્ષ્મી નગર ઘર નં. ૧૪૬,૨૫૬,૧૯૬ ૨) ત્રિલોક નગર ૩) વિશ્રામ નગર ૪) મીના નગર ૫) અશ્વનીકુમાર સ્મશાનભુમિ ૬) આનંદ પાર્ક, ઘર નં.૩૭૦,૩૧૨,વેડ રોડ ૭) ગોવિંદ પાર્ક , વેડ રોડ ૮) સુમન કુંજ આવાસ,ડભોલી રોડ ૯) વ્રજ સોસાયટી ૧૦) કૈલાશ નગર ઘર નં. ૯૨,૮૯ ૧૧) શ્રીરામ એપાંટમેન્ટ ૧૨) સંતોષ એપાંટમેન્ટ ૧૩) સુર્યકિરણ એપાંટમેન્ટ ૧૪) નારાયણ નગર ૧૫) ધ્રુવ તારક સોસાયટી ૧૬) ઈડબ્લ્યુએસ આવાસ ૧૭) મહિના સ્વીટ રો હાઉસ ,અમરોલી ૧૮) હોજલધામ , અમરોલી ૧૯) જીવનજયોત સોસાયટી , અમરોલી ૨૦) તાપી ગણેશ રેસીડન્સી , અમરોલી ૨૧) મધુવન સોસાયટી , અમરોલી

- **લીમ્બાયત ઝોન**

૧) સ્વસ્તિક ગ્રીન એપાંટમેન્ટ ૨) ગાયત્રી નગર, નવાગામ ૩) પંચરત્ન એપાર્ટમેન્ટ , પરવત પાટીયા ૪) સંતોધાનગર ,પરવત પાટીયા ૫) શ્યામ રો હાઉસ , પરવત પાટીયા ૬) પ્રભાત સોસાયટી , પરવત પાટીયા ૭) બાલાજીનગર, ગોડાદરા ૮) નારાયણનગર એસ એમ સી આવાસ ૯) કમરૂનગર એસ એમ સી આવાસ ૧૦)હળપતીવાસ ૧૧) સુભાષનગર –૧ અને ૨ ૧૨) રામનગર ૧૩) શિવાજીનગર ૧૪) ઓમશ્રી સાંઈ જલારામનગર ૧૫) ગૌરીનગર ૧૬) ઉમિયાનગર ૧૭) શિવસાંઈનગર ,નવાગામ ડીંડોલી ૧૮) ઓમનગર ૧૯) સહજાનંદ સોસાયટી ,ગોડાદરા ૨૦) ગણેશનગર, લિંબાયત ૨૧) હનુમાન મંદીર પાસે, ગોડાદરા ૨૨) મહાદેવનગર ૨૩) ખાનપુરા ૨૪) બડકા સોસાયટી

Scanned by TapScanner

- **વરાછા ઝોન–એ**

૧)રૂષિ બંગ્લોઝ ૨) શ્રીજી રો હાઉસ ૩) ગ્રીન પાર્ક ૪) શ્રીજી બંગ્લોઝ ૫) રામ દર્શન સોસાયટી ૬) ભવાની નગર સોસાયટી ૭) વસંતભીખાની વાડી ૮) એફીલ ટાવર ૯) ગ્રીન પાર્ક સોસાયટી ૧૦) ઈડબ્લ્યુએસ આવાસ ૧૧) ગુજરાત હાઉસીંગ બોર્ડ ૧૨) કમલ પાર્ક સોસાયટી ૧૩) ગિરધર પેલેસ ૧૪) રાધાકૃષ્ણ એપાર્ટમેન્ટ ૧૫) વિશાલ નગર ૧૬) ઈડબ્લ્યુએસ આવાસ ૧૭) ધર્મનંદન પેલેસ ૧૮) એકતા નગર ૧૯) વિહળ નગર ૨૦) ઉર્મિ સોસાયટી ૨૦) મહેશ્વરી સોસાયટી ૨૧) ઈન્દીરાનગર ,વરમાછા ૨૨) જાદા બાવાનો ટેકરો ૨૩) અટલજીનગર , એકે રોડ ૨૪) ધનવર્ષા સોસાયટી, મગોબ ૨૫) કમલપાર્ક ૨૬) વિશાલનગર ૨૭) રામકિષ્ણા કોલોની ૨૮) લક્ષ્મીનારાયણ સોસાયટી ૨૯) અટલજીનગર ૩૦) ભકિતધામ એપાર્ટમેન્ટ ૩૧) યોગેશ્વર સોસાયટી ૩૨) મોદી મહોલ્લો ૩૩) રીવર વ્યુ સોસાયટી ૩૪) રતનજી પાર્ક સોસાયટી

- **વરાછા ઝોન–બી**

૧) શ્યામધામ સોસાયટી ૨) વેદાંત સીટી ૩) શુભમ એવન્યુ ૧ અને ૨ ૪) નંદ બંગ્લોઝ ૧ અને ૨ ૫) નંદ બંગ્લોઝ નીસ વાડી ૬) ઓમ કાર રેસીડન્સી ૭) દાનગીગેવ સોસાયટી ૮) દાન સોસાયટી મેઈન રોડ ૯) ઈડબલ્યુ એસ આવાસ, ફુલપાડા ૧૦) અંકુર સોસાયટી ૧૧) વિહળનગર

- **ઉધનાઝોન**

૧) ઓમ સાંઈ જલારામનગર ૨) હેડગેવાર વસાહત ૩) શિવનગર ૪) મહાદેવનગર ૫) આકારનગર ૬) શાંતાનગર ૭) ગૌરીનગર ૮) શિવાજીનગર ૯) વંદના સોસાયટી ,ભેસ્તાન ૧૦) એચ –૧૫ આવાસ ભેસ્તાન ૧૧) અમન હોસ્પિટલ ૧૨) તીરૂપતી નગર ૧૩) ઉન નગર ૧૪) સરસ્વતી આવાસ ૧૫) ગોલ્ડન આવાસ ૧૬) વૃંદાવન સોસાયટી ૧૭) વૃંદાવન સોસાયટી ૧ અને ૨ માં ૧૮)ભેસ્તાન આવાસ ૧૯)ભૈરવ નગર ૨૦) સ્વામીનારાયણ નગર ૨૧) છત્રપતિ શિવાજી નગર ૨૨) દક્ષેશ્વર નગર ૨૩) શ્રીરામ નગર ૨૪) ભીમ નગર ૨૫) સંજય નગર ૨૬) અરીહંત કોમ્પ્લેક્ષ ૨૭) ગણેશનગર ,બમરોલી ૨૮) સ્વામીનારાયણનગર ,બમરોલી ૨૯) નાગમણી એપાર્ટમેન્ટ, બમરોલી ૩૦) ગણપતનગર , બમરોલી ૩૧) હરીનગર ,બમરોલી ૩૨) મોરારજી વસાહત , બમરોલી

- **સેમ્પલ કલેકશન સેન્ટર**

(૧) પનાસ હેલ્થ સેન્ટર, (૨) ડી.કે.એમ. હેલ્થ સેન્ટર,(૩) પાલ હેલ્થ સેન્ટર, (૪) રાંદેર હેલ્થ સેન્ટર (૫) કતારગામ હેલ્થ સેન્ટર, (૬) મગોબ હેલ્થ સેન્ટર, (૭) બમરોલી હેલ્થ સેન્ટર, (૮) ભાઠેના હેલ્થ સેન્ટર ૯) નાના વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને તમામ કવોરન્ટાઈન કરેલ એરીયામાં સેનેટાઈઝીંગ કરવામા આવેલ છે.

ઉપરોકત કામગીરી જાહેરાત સલામતી ને ધ્યાને લઈ કરવામા આવેલ છે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર...

સમાચાર યાદી નં. .૧૮૨
તા.૦૬/૦૬/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા
# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં અન્ય ઝોનની સરખામણીમાં હાલમાં નોર્થઝોન(કતારગામ)માં કોવિડ–૧૯ નાં કેસોમાં અચાનક ઉછાળો આવતા તેનાથી ચિંતીત થઈ સંક્રમિત કેસોની સંખ્યા કઈ રીતે ઘટાડી શકાય તે અંગેનું માર્ગદર્શન આપવા મે. મ્યુનિ. કમિશ્નરશ્રી તરફથી મળેલ સુચના અન્વયે સુરત મહાનગરપાલિકાનાં નોર્થઝોન(કતારગામ) આંબાતલાવડી નજીક આવેલ પાટીદાર સમાજની વાડી ખાતે માન. મેયરશ્રી ડો. જગદીશભાઈ પટેલની અધ્યક્ષતામાં તેમજ મે. મ્યુનિ. કમિશ્નશ્રીની પ્રેરક ઉપસ્થિતીમાં આજરોજ તા.૦૬/૦૬/૨૦૨૦નાં રોજ તબક્કાવાર મીટીગોનું આયોજન કરવામાં આવેલ હતું.

જેમાં (૧) સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ દરમ્યાન  નોર્થઝોન(કતારગામ)નાં માન. ધારા સભ્યશ્રીઓ, મ્યુનિ. સદસ્યશ્રીઓ, જુદા જુદા સમાજનાં અગ્રણીઓ તેમજ જુદા જુદા ઉધોગોનાં અગ્રણીઓ હાજર રહયા હતા. (૨) બપોરે ૧૨.૦૦ થી ૧.૦૦ દરમ્યાન  જુદી જુદી સોસાયટીનાં પ્રમુખશ્રીઓ હાજર રહયા હતા. (૩) બપોરે ૧.૦૦ થી ૨.૦૦ દરમ્યાન ડોકટર્સ એસોસીએશનનાં પ્રમુખશ્રીઓ, કતારગામ ઝોનમાં ડોકટરી પ્રેકટીસ કરતા પ્રેકટીસનર્સ હાજર રહયા હતા.

ઉપરોક્ત ગ્રુપ મીટીગમાં સુરત મહાનગરપાલિકાનાં કતારગામ ઝોનમાં હાલમાં ઉપસ્થિત થયેલ વિપરીત સંજોગોમાં કોરોના વાયરસની મહામારીથી કઈ રીતે લડી શકાય, આ મહામારી દરમ્યાન જનતા તરફથી રાખવાજોગ સાવચેતી, આ મહામારીનાં કેસોમાં વધારો થતો કઈ રીતે અટકાવી શકાય તેમજ આ કામમાં મ્યુનિ. સદસ્યશ્રીઓ, સોસાયટીઓનાં પ્રમુખશ્રીઓ, જુદા જુદા સમાજનાં અગ્રણીઓ તેમજ ડોકટર્સની ભુમિકાઓ અંગે મ્યુનિ. કમિશ્નરશ્રી, મેયરશ્રી તેમજ ડે. કમિશ્નર(હે. અને હો.) શ્રી આશિષભાઈ નાયક ધ્વારા સરળ ભાષામાં વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.

ઉપરોક્ત તમામ ગ્રુપ મીટીગોમાં સોશ્યલ ડીસ્ટસીગનું પાલન કરવામાં આવેલ હતુ.

**જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર, સમાચાર યાદી નં. ૧૮૩ તા.૦૬/૦૬/૨૦૨૦**










# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

સુરત શહેરમાં આજ રોજ કોરોના પોઝિટિવના ૭૭ કેસો નોંધાયા છે. આજ રોજ સેન્ટ્રલ ઝોનમાં ગોલવાડ, બેગમપુરા, સલાબતપુરા વિગેરે વિસ્તારોમાંથી કુલ ૧૭ પોઝિટિવ કેસ નોંધાયા છે.

ઉધના ઝોન વિસ્તારમાં ૮ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમા બમરોલી, પાંડેસરા, સ્વામીનારાયણ નગર, દક્ષેશ્વરનગર, ભેસ્તાન આવાસ, વિજયનગર, ભક્તિ નગર, પ્રમુખ પાર્ક વગેરે વિસ્તારોમાં પોઝિટિવ કેસ નોંધાયા છે.

લિંબાયત ઝોનમાં ૨૫ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમા ગોડાદરા, પરવત, મહાદેવનગર, ડીંડોલી, સંજયનગર, ઉમરવાડા વગેરે વિસ્તારોમાં પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમા ઝેરોક્ષ મશીનની દુકાન, ઈલેક્ટ્રીશયન, APMC માર્કેટમાં કામ કરનાર અને મુંબઈ અને અમદાવાદ થી સુરત આવનારા લોકો પોઝિટિવ જણાયા છે.

કતારગામ ઝોન વિસ્તારમાં ૧૭ પોઝિટિવ કેસ નોંધાયા છે જેમાં કંતારેશ્વર મહાદેવ મંદિર, નીલકંઠ સોસાયટી, **ભરીમાતા રોડ, મગન નગર, અમરોલી,** ગણેશપુરા **અમરોલી, હળપતીવાસ અમરોલી, સીંગણપોર** વગેરે વિસ્તારોમાં પોઝિટિવ કેસ નોંધાયા છે.

અઠવાઝોન વિસ્તારમાં આજે ૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમા પ્રથમ વાર આભવા ગામમાં પોઝિટિવ કેસ નોંધાયો છે. જે હોમ આઈશોલેશનમાં રહી સારવાર મેળવી રહ્યા છે. આઝાદનગર અને અંબાનગર વિસતારમાં પોઝિટિવ કેસ નોંધાયા છે.

વરાછા ઝોન - એ માં કુલ ૧૧ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમા મગોબ વિસ્તારમાં વધુ કેસ નોંધાયા છે.

રાંદેર ઝોન વિસ્તારમાં કુલ ૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમા L&T કંપની ના કર્મચારી નો પોઝિટિવ કેસ નોંધાયો છે.

હાલમાં શહેરમાં કતારગામ ઝોન, અઠવાઝોન અને રાંદેર ઝોન વિસ્તારમાં લોકો હોમ આઈશોલેશનમાં રહી સારવાર મેળવી રહ્યા છે. રાદેર ઝોન વિસ્તારમાં ડો. સમીર ગામીના માર્ગદર્શન હેઠળ ૩ દર્દીઓ હોમ આઈશોલેશનમાં સારવાર મેળવી રહ્યા છે. કતારગામ ઝોન,

અઠવાઝોન અને રાંદેર ઝોનમાં કુલ ૧૦થી વધુ દર્દીઓ હોમ આઈશોલેશનમાં રહી સારવાર મેળવી રહ્યા છે. જેથી શહેરીજનોને કોરોના પોઝિટિવ હોય તો ગભરાવાની કે ચિંતા કરવાની જરૂર નથી. તેઓ પોતાના ઘરમાં સારવાર મેળવી સ્વસ્થ થઈ શકે છે.

કોરોનાની સારવારમાં પલ્સ ઓકસીમીટર ખૂબ જ મહત્વનું છે. પલ્સ ઓકસીમીટરથી ઓકસીજનની જરૂરીયાતના આધારે દર્દીને હોસ્પિટલમાં દાખલ કરાવી શકાય છે. જે દર્દીઓમાં પલ્સ ઓકસીમીટર ૯૫%થી ઓછું હોય તેમને હોસ્પિટલમાં દાખલ કરાવવું જરૂરી છે અને ૯૫%થી વધુ હોય તો હોસ્પિટલમાં દાખલ કરાવવાની જરૂર નથી. ૯૦% દર્દીઓ પ્રાથમિક સારવારથી સ્વસ્થ થઈ શકે છે. ૨૦૦૦ કોરોના કેસમાંથી ૧૪૫ દર્દીઓ હાલમાં ઓકસીજન પર છે.

ઉપર જણાવેલ તમામ ઝોન વિસ્તારમાં નાગરિકોએ ખૂબ જ સાવચેતી રાખવી જરૂરી છે. સામાજીક અંતર રાખવું, ફરજીયાત માસ્ક પહેરવું અને વારંવાર હાથ સાબુથી ધોવા અથવા સેનિટાઈઝ કરવા અનિવાર્ય છે. કોરોનામાં સાવચેતી રાખીશું તો જ આપણે કોરોનાને હરાવવામાં સફળ થઈ શકીશું.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૧૮૪
તા.૦૬/૦૬/૨૦૨૦

## —:: પ્રેસનોટ ::—

- આજરોજ તા.૦૭/૦૬/૨૦૨૦ ના રોજ વધુ વરસાદ અને પવનો ફૂંકાવાને કારણે સુરત શહેર હદ વિસ્તારોમાં નીચે મુજબના સ્થળો એ ઝાડ પડવા ના કોલ ફાયર બ્રિગેડ માં મળતાં જે –તે વિસ્તારના ફાયર સ્ટેશનના અધિકારી ક્રુ સહિત રવાના થયેલ અને કાચા મકાનો , વાહનો ,દુકાનો , વીજ થાંભલાઓ ના વાયરો પર પડેલા ઝાડ કાપવાની કામગીરી તેમજ રસ્તાઓ પર પડેલા ઝાડ ને કારણે બ્લોક થયેલા રોડ–રસ્તા ઝાડ કાપી વાહનો અવર જવર માટે ખુલ્લા કરવાની કામગીર કરવામાં આવેલ જેમાં કોઈ પ્રકારની ઈજા જાન હાની જણાયેલ નથી.

૧) સવારે ૬:૦૩ કલાકે ઘોડ દોડ રોડ , શ્રી હરી બંગલો પાસે રોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૨) સવારે ૬:૩૩ કલાકે બમરોલી રોડ ,જોગણીમાતાજીના મંદીર પાસે, પંચશીલનગર –૨, ખાતે ઝાડ મકાન પર પડવાનો બનાવ બનેલ
૩) સવારે ૬:૩૬ કલાકે ડભોલી ચાર રસ્તા પાસે, મનીષનગર ખાતે રોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૪)સવારે ૬:૪૪ કલાકે ભટાર ચાર રસ્તા , પંજાબ નેશનલ બેંક પાસે , રોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૫) સવારે ૭: ૦૧ કલાકે મજુરા પાંજરા પોળ પાસે , રોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૬) સવારે ૭:૨૩ કલાકે ઘોડ દોડ રોડ , ટાઈટન શો રૂમ પાસે રોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૭) સવારે ૭:૨૪ કલાકે સલાબતપુરા , વચલી શેરી ખાત રોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૮)સવારે ૭: ૩૭ કલાકે ભટાર ચાર રસ્તા પાસે , સ્ટેટ બેંક પાસે રોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૯) સવારે ૭: ૩૭ કલાકે ભટાર ઉમરાવનગર, રોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૧૦) સવારે ૭: ૫૦ કલાકે અડાજણ, મહેરનગર પાસે રોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૧૧) સવારે ૭: ૫૬ કલાકે ખટોદરા, બેઠીકોલોની ,રોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૧૨) સવારે ૮:૦૬ કલાકે બમરોલી રોડ,મિલન પોઈન્ટ આગળ,રોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૧૩) સવારે ૮:૦૬ કલાકે ડી કેએમ હોસ્પિટલની સામે ,રોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૧૪) સવારે ૮:૨૫ કલાકે નવી સિવિલ કેમ્પસ માં ઝાડ પડવાનો બનાવ બનેલ
૧૫) સવારે ૮:૨૮ કલાકે અડાજણ ટી જી બી પાસે, હરીઓમનગર માં ઝાડ પડવાનો બનાવ બનેલ
૧૬) સવારે ૮:૩૨ કલાકે ઉધના ઝોન થી ખાઉ તરફ જતા રોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૧૭) સવારે ૮:૩૯ કલાકે મહિધરપુરા , આમરીવાલા ફુટવેર પાસે દિવાલ પડવાનો બનાવ બનેલ
૧૮) સવારે ૮:૫૭ કલાકે અડાજણ, બદ્રીનારાયણ મંદીર પાસે ઝાડ પડવાનો બનાવ બનેલ
૧૯) સવારે ૯:૧૭ કલાકે અશ્વિનીકુમાર , ગૌશાળા પાસે ઝાડ પડવાનો બનાવ બનેલ
૨૦) સવારે ૯:૨૫ કલાકે દરિયા મહેલ જિલ્લા પંચાયત પાસે ઝાડ પડવાનો બનાવ બનેલ
૨૧) સવારે ૯:૪૯ કલાકે અડાજણ, ચોકસીની વાડીની સામે ઝાડ પડવાનો બનાવ બનેલ
૨૨) સવારે ૧૦:૨૦ કલાકે પાલ, મધુવન સર્કલ થી આગળ, વાટીકાવેલી પાસે ઝાડ પડવાનો બનાવ બનેલ
૨૩) સવારે ૧૦:૩૧ કલાકે કતારગામ મહેતા પેટ્રોલપંપ ની સામે ઝાડ પડવાનો બનાવ બનેલ
૨૪) સવારે ૧૦:૩૩ કલાકે ભટારરોડ, જીવકોરનગર , મહાલક્ષ્મી લોચા સામે ઝાડ પડવાનો બનાવ બનેલ
૨૫) સવારે ૧૦:૩૯ કલાકે પાલનપોર જકાતનાકાથી કેનાલ તરફ જતારોડ પર ઝાડ પડવાનો બનાવ બનેલ
૨૬) સવારે ૧૧:૦૫ કલાકે ગોપીપુરા, સંગાડીયાવાડ , વોર્ડ ઓફીસ પાસે ઝાડ પડવાનો બનાવ બનેલ
૨૭) સવારે ૧૧:૧૭ કલાકે કતારગામ નવી જી આઈ ડી સી , ગજેરા સ્કુલ પાસે ઝાડ પડવાનો બનાવ બનેલ
૨૮) સવારે ૧૧:૧૮ કલાકે બમરોલી રોડ, કોમલ સર્કલ પાસે ઝાડ પડવાનો બનાવ બનેલ
૨૯) સવારે ૧૧:૪૯ કલાકે અમરોલી–સાયણ રોડ,સનડે રેસીડન્સી સામે ઝાડ પડવાનો બનાવ બનેલ
૩૦) બપોરે ૧૨:૧૦ કલાકે ઉમરવાડા હેલ્થ સેન્ટર પાસે ઝાડ પડવાનો બનાવ બનેલ
૩૧) બપોરે ૧૨:૨૪ કલાકે જહાંગીરપુરા, જકાતનાકા , પટેલનગર પાસે ઝાડ પડવાનો બનાવ બનેલ

**તા.૦૭/૦૬/૨૦ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ અને વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સમગ્ર સુરત શહેરમાં વિવિધ વિસ્તારમાં ડિસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ અને હાલમાં કામગીરી ચાલું છે.**

**મા.મ્યુ.કમિશ્નરશ્રીનાં મળેલ આદેશ અન્વયે હાલમાં સુરત શહેરમાં નોવેલ કોરોનાં વાયરસ (COVID-19) નાં કેસ સામે આવેલ હોય જેથી આવા સંક્રમિત વ્યીકતઓ ધ્વારા અન્ય વ્યકિતઓમાં ચેપ ન ફેલાયતે અટકાવવા ફાયર વિભાગ તેમજ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા નીચે મુજબનાં ઝોન વિસ્તારમાં ડીસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ.**

- **અઠવાઝોન**

૧)અલથાણ હેલ્થ સેન્ટર ૨) આયકરભવન ૩) ઉમરા હેલ્થ સેન્ટર ૪) પનાસ હેલ્થ સેન્ટર ૫) વેસું હેલ્થ સેન્ટર ૬) ડુમસ હેલ્થ સેન્ટર ૭) નવી સિવિલ હોસ્પિટલઅને કોવિડ ૧૯ આઈસોલેશન વોડ ૮) સમરસ હોસ્ટેલ ૯) પીજી હોસ્ટેલ ૧૦) ટ્રાઈસ્ટાર હોસ્પિટલ ૧૧) મેટાસ હોસ્પિટલ

- **સેન્ટ્રલ ઝોન**

૧) સલાબતપુરા, પીપરડી શેરી ૨) નવાપુરા મોમનવાડ ૩) ભૂલા મોદીનો ચકલો ૪) બેગમપુરા , ચોકી શેરી ૫) બેગમપુરા , કોળીવાડ ૬) નાનપુરા , ભંડારીવાડ ૭) ગોપીપુરા, મોમનવાડ ૮) નવાપુરા , પઠાણવાડ ૯) બેગમપુરા , વનિતાશેરી ૧૦) ચેવલી શેરી

- **રાંદેરઝોન**

૧) પવિત્રા રેસીડન્સી ૨) સાઈટ એન્ડ સર્વિસ ઝુપડપટટી ૩) ગંગાનગર સામેનો ઈડબલ્યુ એસ આવાસ ૪) ઈડબલ્યુ એસ આવાસ પલાનપોર કેનાલ રોડ ૫) અખંડ આનંદ કોમ્પલેક્ષ, હનીપાર્ક રોડ ૬) ભકિત વેદોત સોસાયટી, હની પાર્ક રોડ ૭) રીવર ડેલ સ્કુલની બાજુમાં, ઈડબલ્યુ એસ આવાસ ૮) લાલજીનગર ની સામે

- **કતારગામ ઝોન**

૧) મીનાનગર સોસાયટી, વેડરોડ ૨)એસ એમસી આવાસ ૩) વિજયનગર –૨ , વેડરોડ ૪) આનંદ પાર્ક સોસાયટી , વેડરોડ ૫) જય શિવમ સોસાયટી ૬) કૈલાસનગર ૭) લક્ષ્મીનગર સોસાયટી ૮) શ્રી રામ એપાર્ટમેન્ટ ૯) ઈડબલ્યુએ સ આવાસ ૧૦) ત્રિવેણી સોસાયટી ૧૧) અશ્વિનીકુમાર સ્મશાનાનભુમી ૧૨) નારાયણનગર ૧૩) મગનનગર ૧૪) ગોવિંદનગર ૧૫) સુર્યકિરણ એપાર્ટમેન્ટ ૧૬) સંતોષ એપાર્ટમેન્ટ ૧૭) ધ્રુવતારક સોસાયટી

- **લીમ્બાયત ઝોન**

૧) સેનાપીનગર , નવાગામ ,ડીંડોલી ૨) મહાપ્રભુનગર ૩) એપીએમસી માર્કેટ ૪) ગાયત્રીનગર, ડીંડોલી ૫) ગણેશ એપાર્ટમેન્ટ ૬) નુરાનીનગર, મીઠીખાડી ૭) રાજનગર , ભાઠેના ૮) પરવતગામ , ડીપલનગર ૯) સંજીવનગર ૧૦) શ્રમધામ સોસાયટી ૧૧) સહજાનંદ સોસાયટી ૧૨) કૈલાસનગર ૧૩) આસ્તિકનગર ૧૪) સુભાષનગર ૧૫) ઉમિયાનગર

- **વરાછા ઝોન–એ**

૧) પુર્વી સોસાયટી ૧ થી ૬ ૨) સંતોકબાનગર ૩) વર્ષા સોસાયટી– ૨ ૪) ગુજરાત હાઉસીંગ બોર્ડ ૫) વસંત ભીખાનીવાડી ૬) ભવાનીનગર ૭) ઈડબલ્યુ એસ આવાસ ૮) ગણેશનગર

- **વરાછા ઝોન–બી**

૧) શ્યામધામ સોસાયટી – ૨ ૨) સરિતા સાગર સોસાયટી – બી ૩) ખોડીયાર નગર સોસાયટી ૪) તુલસીદર્શન સોસાયટી શેરી નં ૦૬ થી ૦૯ ૫) હરીકુંજ સોસાયટી ૬) ગંગોત્રી સોસાયટી

- **ઉધનાઝોન**

૧) અમન હોસ્પિટલ ,૨) તીરૂપતીનગર ૩) ઉનનગર ૪) વૃંદાવન સોસાયટી ૫) વંદના સોસાયટી ૧ એન ૨ ૫) ભેસ્તાન આવાસ એચ –૧૫ ૯) સરસ્વતી આવાસ ૧૦) ગોલ્ડન આવાસ૧૧)ભૈરવનગર ૧૨) સવામીનારાયણનગર ૧૩) શ્રીરામનગર ૧૪) હક્ષેશ્વરનગર ૧૫) ભીમનગર ૧૬) પંચશીલનગર

- **સેમ્પલ કલેકશન સેન્ટર**

(૧) પનાસ હેલ્થ સેન્ટર, (૨) ડી.કે.એમ. હેલ્થ સેન્ટર,(૩) પાલ હેલ્થ સેન્ટર, (૪) રાંદેર હેલ્થ સેન્ટર (૫) કતારગામ હેલ્થ સેન્ટર, (૬) મગોબ હેલ્થ સેન્ટર, (૭) બમરોલી હેલ્થ સેન્ટર, (૮) ભાઠેના હેલ્થ સેન્ટર ૯) નાના વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને તમામ કવોરન્ટાઈન કરેલ એરીયામાં સેનેટાઈઝીગ કરવામા આવેલ છે.

ઉપરોકત કામગીરી જાહેરાત સલામતી ને ધ્યાને લઈ કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર...
સમાચાર યાદી નંબર............................તા.૦૭/૦૬/૨૦૨૦

# પ્રેસ નોટ

.......................

## માહે મે ૨૦૨૦ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ.

સ્મીમેર હોસ્પીટલમાં માહે મે ૨૦૨૦ દરમ્યાન ૪૮૨૯ ઈન્ડોર તથા ૨૯૮૮૪ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી.૧૯૩૩ નાના તથા ૪૬૪ મોટા ઓપેરેશનો હાથ ધરવામાં આવ્યા હતા.૧૪૪૯૦ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૧૧૦૫ અને જુના ૬૪૮ દર્દીઓ સહીત કુલ ૧૭૫૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૫૦૯ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૮૩૩ તથા આંખ વિભાગમાં ૧૦૦૪ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૬૦૧૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

પ્રતિ,
જનસંપર્ક વિભાગ,
સુરત મહાનગર પાલિકા તરફથી સાદર.
સમાચાર યાદી નં...[illegible].........
તા.[illegible]/૦૬/૨૦

## –:: પ્રેસનોટ ::–

**તા.૦૮/૦૬/૨૦ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ અને વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સમગ્ર સુરત શહેરમાં વિવિધ વિસ્તારમાં ડિસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ અને હાલમાં કામગીરી ચાલું છે.**

**મા.મ્યુ.કમિશ્નરશ્રીનાં મળેલ આદેશ અન્વયે હાલમાં સુરત શહેરમાં નોવેલ કોરોનાં વાયરસ (COVID-19) નાં કેસ સામે આવેલ હોય જેથી આવા સક્રમિત વ્યીકતઓ ધ્વારા અન્ય વ્યકિતઓમાં ચેપ ન ફેલાયતે અટકાવવા ફાયર વિભાગ તેમજ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા નીચે મુજબનાં ઝોન વિસ્તારમાં ડીસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ.**

- **અઠવાઝોન**

૧) મિશન હોસ્પિટલ ૨) વેસું હેલ્થ સેન્ટર ૩) ડુમસ હેલ્થ સેન્ટર ૪) નવી સિવિલ હોસ્પિટલઅને કોવિડ ૫) આઈસોલેશન વોડ ૬) સમરસ હોસ્ટેલ ૭) પુનયભૂમિ એપાર્ટમેન્ટ ૮)મહેશ્વરી એપાર્ટમેન્ટ ૯) પ્રદક્ષિણા એપાર્ટમેન્ટ ૧૦) બાપુ નગર

- **સેન્ટ્રલ ઝોન**

